

# 4.2અભ્યાસક્રમ આયોજન-સંકલ્પના અને સ્તર




મિતલ બાલધિયા
એસ.યુ.જી.કોલેજ ઓફ એજ્યુકેશન

# અભ્યાસક્રમનું આયોજન




- શિક્ષણના વિશાળ ધ્યેયો, વર્ગખંડમાં સિદ્ધ કરવાના છે.
- જેવો અભ્યાસક્રમ હશે તેવી કેળવણી હશે.
- અભ્યાસક્રમ  સારાય શિક્ષણક્ષેત્રનો પ્રાણ છે.
- અભ્યાસક્રમના વસ્તુની પસંદગી સમયે વિષયના જ્ઞાનભંડોળમાં આવતા મુદ્દાઓની પસંદગી થાય છે.
- અભ્યાસક્રમની ગોઠવણી કેવી રીતે કરવું કે જેથી શિક્ષણ સચોટ બને.
- અભ્યાસક્રમનું આયોજન કરવાથી શિક્ષણ વધુ અસરકારક બને




# અભ્યાસક્રમના વસ્તુની પસંદગી સમયે ખ્યાલમાં લેવાની બાબતો

- જુદા જુદા વિષયોના એકમો પસંદ કરવા જોઈએ. ઉદા.ભૌતિકશાસ્ત્ર-ઉષ્ણતા,પ્રકાશ,ખગોળશાસ્ત્ર-સૂર્યમંડળ,તારાઓ,નક્ષત્રો વગેરે
- એકમ બાદ તેમાં આવતા વિવિધ મુદ્દાઓની પસંદગી કરવી જોઈએ.ઉદા.પ્રકાશના એકમમાં- પ્રકાશના ઉદ્ગમ સ્થાનો,ગુણધર્મો,પરાવર્તન,વક્રીભવન વગેરે
- મુદ્દાઓની પસંદગી બાદ તેમાં આવતા પેટામુદ્દા જેમકે પ્રકાશના એકમમાં પરાવર્તન મુદ્દો અને પેટામુદ્દા તરીકે પરાવર્તનના નિયમો,નિયમનને આધારે રચાયેલાં સાધનો વગેરે નાના મુદ્દાઓનો પણ સમાવેશ થવો જોઈએ.



# અભ્યાસક્રમના વસ્તુની પસંદગી સમયે ખ્યાલમાં લેવાની બાબતો

- જે વિષયનો કે શાખાનો અભ્યાસક્રમ ઘડવાનો હોય તેના એકમો અને મુદ્દાઓની પસંદગી કરવા માટે એ શાખાના વિશિષ્ટ હેતુઓ લક્ષમાં લેવા જોઈએ.
- જ્ઞાન અને ઉપયોગિતાની દ્રષ્ટિએ વધારે મહત્વના હોય તેવા એકમો અને મુદ્દાઓની પસંદગી થવી જોઈએ.
- જે એકમો દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય પ્રાપ્ત કરવાના હેતુ સિદ્ધ થઈ શકે તેમ હોય તેની પસંદગી યોગ્ય ઠરે છે.




# અભ્યાસક્રમના વસ્તુની પસંદગી સમયે ખ્યાલમાં લેવાની બાબતો

- જે એકમો કે મુદ્દા દ્વારા વિદ્યાર્થીઓમાં વૃત્તિઓ અને વલણો કેળવી શકાય તે પણ પસંદગી પાત્ર ગણાય.
- હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમનું ભંડોળ ભેગું કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓની વય અને કક્ષાને પણ ધ્યાનમાં રાખવા જરૂરી બને છે.
- વિદ્યાર્થીઓના સામાજિક જીવન તેમજ તેમની માનસિક શક્તિઓને પણ દ્રષ્ટિમાં રાખી સરળ જ્ઞાન અભ્યાસક્રમમાં સ્થાન પામવું જોઈએ.
- અભ્યાસક્રમ ધોરણવાર કડીરૂપ બનવો જોઈએ અને ખૂટતી કડીઓ આગળ પૂરવી જોઈએ.

# અભ્યાસક્રમની ગોઠવણી/આયોજન કેવી રીતે કરવી





- અભ્યાસક્રમનું આયોજન કરવાથી શિક્ષણ વધારે રસપ્રદ અને અર્થઘન બનાવી શકાય છે.
- શાળા શિક્ષણમાં સમયમર્યાદા અગત્યનો ભાગ ભજવે છે.જેથી આયોજન દ્વારા અભ્યાસક્રમ અને તે માટે કુલ કેટલો સમય એ નિશ્ચિત કરી શકાય છે.
- આયોજન કરવાથી શિક્ષણના હેતુઓ અને અભ્યાસક્રમ વચ્ચે ગાઢ સંબંધ સ્થાપિત કરી શકાય.

# અભ્યાસક્રમની ગોઠવણી/આયોજન કેવી રીતે કરવી




- શિક્ષણકાર્ય હેતુલક્ષી બને છે.
- વિદ્યાર્થીઓની માનસિક કક્ષા, વય,તેમની તત્કાલિન જરૂરીયાતો વગેરે બાબતોને ધ્યાનમાં રખાય છે.
- કેળવણીના સિદ્ધાંતો,કેળવણીનું તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન,શિક્ષણ આપતાં આપતાં શિક્ષકને પ્રાપ્ત થયેલા અનુભવો વગેરેને અભ્યાસક્રમના આયોજન દ્વારા અપનાવી શકાય છે.



# અભ્યાસક્રમની ગોઠવણી/આયોજન કેવી રીતે કરવી


- અભ્યાસક્રમનું આયોજન કરતાં સમયે શિક્ષણનાં સૂત્રો જેવાં કે સરળ પરથી કઠિન , મૂર્ત પરથી અમૂર્ત, સળંગ પરથી ભાગ અને પછી પાછું સળંગ પર જવું વગેરેનો ઉપયોગ થઈ શકે છે.
- કેટલા વર્ષોમાં કેટલો અભ્યાસક્રમ પૂરો કરવાનો છે, દર વર્ષે કેટલો અભ્યાસક્રમ આવરી લેવાશે તે નક્કી કરી શકાશે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનનું મહત્વ




- શિક્ષણના ક્ષેત્રમાં નાનામાં નાના કાર્યથી શરુ કરી મોટામાં મોટું કાર્ય પણ આયોજન દ્વારા જ વિચારે છે.
- આયોજન શબ્દ સાથે ભાવિ સ્થિતિનો વિચાર સંકળાયેલો છે.
- અભ્યાસક્રમનું આયોજન એ ભવિષ્યમાં તેને કરવાના કાર્યો,ઉદ્દેશ્યો,સિદ્ધિ તેની પદ્ધતિ અને તેને માટે જરૂરી હોય તેવા સાધનસંદર્ભ,સામગ્રીનો અને તેમાં કામ કરનાર સભ્યોના કાર્યક્ષેત્ર અંગેનો વિચાર રહેલો હોય છે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનું મહત્વ




- આયોજન વિકાસ કે સુધારા માટેની અનિવાર્ય બાબત છે.
- સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને નવી દિશામાં લઈ જવા,અસરકારક બનાવવા,કાર્યક્ષમતા વધારવા અને નવું સ્વરૂપ આપવા અમુક અંશે ફેરફાર કરવા જરૂરી લાગતા હોય તે કરવા અને ચોક્કસ પરીણામો મેળવવા આયોજન ખૂબ જ જરૂરી છે.
- આયોજનોની પાછળની દ્રષ્ટિ,પદ્ધતિ તેનો અમલ અને મૂલ્યાંકન વગેરે બાબતો અત્યંત મહત્વના ગણાય છે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનની જરૂરીયાત




- શાળામાં અભ્યાસક્રમ આયાજન એ અત્યંત મહત્વનું પાસું છે.
- અત્યંત મર્યાદિત હેતુઓની સિદ્ધિ માટે અભ્યાસક્રમનું આયોજન થાય છે.
- અભ્યાસક્રમને હેતુઓની વ્યાપક ભૂમિકા પર મુકવાની જરૂર જણાય છે.એ માટે શાળા અને શિક્ષકે વિચારવાની જરૂર છે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનની જરૂરીયાત




- વિદ્યાર્થીના સમગ્ર અને વધુમાં વધુ મળતા અધ્યયન-અનુભવોનું જે આયોજન થાય તેને ખરા અર્થમાં અભ્યાસક્રમનું આયોજન કહી શકાય.
- અધ્યયન અનુભવોની વિવિધતા અને પ્રમાણ ધરાવતું હોય તો વિદ્યાર્થીના શિક્ષણના હેતુઓ એના દ્વારા સિદ્ધ કરવામાં સફળતા મળે છે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનની જરૂરીયાત





- આયોજન કરવાથી દ્રષ્ટિ સમક્ષ સમગ્ર ચિત્ર સ્પષ્ટ સ્વરૂપમાં સુંદર અને વ્યવસ્થિત રૂપમાં તૈયાર થાય છે.
- આયોજન એ મહેનત માગી લેતુ કામ છે.પરતું એક વાર આયાજન થઈ ગયા બાદ શિક્ષકે વર્ગખંડમાં શું કરવાનું છે,ક્યા શૈક્ષણિક અનુભવો આપવા વગેરે સ્પષ્ટ થઈ જાય છે.
- સમય તથા શક્તિનો બચાવ થાય છે.

# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનની જરૂરીયાત





- અભ્યાસક્રમ સરળતાથી અને સૂચક સમયમાં વ્યવસ્થિત રીતે પૂરો કરાય છે.
- વર્ગમાં એવી પરિસ્થિતિ કે વાતાવરણનું નિર્માણ કરવું કે જેથી વિદ્યાર્થી ક્રિયાશીલ બને, આ માટે અભ્યાસક્રમને અનુરૂપ યોજના તૈયાર કરવાથી તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.
- આમ, અભ્યાસક્રમ અને આયોજન એ સફળતાની ગુરુચાવી છે.



# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનના સ્તર

- 1લી વિષયોના પાઠો,પ્રકરણો કે મુદ્દાઓની સમયની ફાળવણી અનુસાર વહેંચણી
- અઠવાડિયે મળતા તાસને આધારે મહિનામાં, સત્રમાં કે વર્ષમાં મળતા કુલ તાસ ગણી કાઢવામાં આવે છે.પછી જુદા જુદા વિષયોના પાઠો,પ્રકરણો કે મુદ્દાઓની સમયની ફાળવણી અનુસાર વહેંચણી કરી નાખવામાં આવે છે.
- 2જી રીત જેમાં શાળાઓ વર્ષ દરમ્યાન શિક્ષણકાર્ય , શિક્ષણેતર કાર્ય અને રજાઓના દિવસોની
- સમયની ગણતરી ચોક્સાઈપૂર્વક કરે છે.વર્ષ દરમ્યાન શિક્ષણેતર કાર્ય અને રજાઓના દિવસોની એક નોંધ તૈયાર કરવામાં આવે છે.




# અભ્યાસક્રમ ગોઠવણ/આયોજનની જરૂરીયાત

- 3જી રીત શિક્ષણવર્ષનું કેલેન્ડર
- શિક્ષણકાર્ય માટેના દિવસોની જુદા જુદા વિષયને મળતાં સમયની ગણતરી,  કટલીક શાળાઓ શિક્ષણવર્ષનું કેલેન્ડર તૈયાર કરે છે.શિક્ષણકાર્ય સિવાયના રજાના અને શિક્ષણેતર કાર્યના દિવસોની તારીખ અને મહિનામાં નોંધ કરે છે.દરેક મહિને મળતાં શિક્ષણકાર્ય માટેના દિવસોની ગણતરી કરે છે.
- 4થી રીત વાર્ષિક આયોજન